હે, હંસવાહિની

હે, હંસવાહિની પ્રજ્ઞા!
ઝંકારો વીણા વરદા!

– હે, હંસવાહિની૦

રાગ, તાલ, સ્વર, છંદ, રૂપને,
અમ જીવનમાં ભરજે;
વિહંગને ઊડણ કાજે તું,
મુક્ત ગગન ધરજે!
– હે, હંસવાહિની૦

ફુલ્લ કમલની શુદ્ધિ દેજે,
વીણા કેરી વાણી;
ભવરણના કણકણને પાજે,
અમરતની સરવાણી.
– હે, હંસવાહિની૦

કવિ

સંજીવની માનવવેલ માંહી,
સહે પ્રહારો કંઈ પ્રાણહારી
સુકોમળાં પુષ્પ; છતાં અભંગ
જો હોય કો' તો કવિ માત્ર એક!

ઊગ્યો રવિ

ઊગ્યો રવિ!
અમૂર્ત ભાવે ધર્યું રૂપ મૂર્ત,
દ્રષ્ટા તણું દર્શન થાતું સ્પષ્ટ;
ને જ્યોતિના પુંજ વડે પ્રકાશિત,
ઋચા તણા સંગીતથી સુસ્પંદિત,
મંદારની ધીર ગંભીર થાપે,
સમુદ્રનું મંદ્ર મૃદંગ બાજે!
પ્રગટ્યા કવિ, મંગલ સૌ વધાવે!

સચરાચરમાં કવિ પ્રગટ્યાનાં મંગલ સર્વ વધાવે,
ઉદિત થયા કવિ, રવિરશ્મિ ઉજ્જવલતા અપૂર્વ ધારે;
મંગલ યાત્રાએ ત્રિલોક માંડે ડગલાં વિસ્મિત ભાવે,
શંખનાદ, વીણા બજવીને ઉત્સવ દેવ મનાવે.

અતીતથી વીણાનો રવ મંજુલ દે નિમંત્રણ,
હસી હસીને જલ-લહરીને અનિલ કરે આલિંગન;
મૂક બનેલા ઝાલર ઘંટા, દેવદ્દુવારે બજતાં,
વ્યોમ મહીં શશિયરના કુંભે બિંદુ સુધાનાં છલતાં.

કંટક અંકિત પંથ પુરાણો, તે મ્હેકે કુસુમપરાગે,
અપર્ણ વૃક્ષો, ને વનરાજિ કો વૈભવ નવલો ધારે;
રત્નકાર ઠલવે કાંઠે રત્ન અગણ્ય અમૂલાં,
ને સુરભિઆંચલ ઉભરાવે કૈં છલછલ અમૃતધારા!

વિશ્વનાથનો પ્રાસાદ ગુંજે કો મંગલ, મધુરા નાદે,

પંકજદલમાં પૂરે ચેતના કો નિજના મૂંગા સાદે;
હર વૃક્ષ, ગિરિ કે પશુ વા પંખી વનનું,
જલઝરણું અનિલલહર કે ધ્વનિ, મંદિર ઈશ્વરનું!

સ્વર્ગ તણી શોભાથી પૃથ્વી મંડિત,
અહીં વસંત સદાની, મધુ વ્હેતું અખંડિત!
અહીં અનાહત ગીત, કાનન નંદનવન શાં પ્રફુલ્લિત,
પ્રણયામૃત ધારા ઝીલીને હૃદય સર્વનાં નંદિત! 28

અરે! અહીં શા નિશ્વાસ, નિસાસા!
ઓહ! વદનાબ્જો પર આ શી આંસુની લાંછા?
અનંત ઉત્સવમાં આ શાં
છૂપાં, કરુણાભીનાં હીબકાં?

સંસારસાગરે મ્લાનવદન ને ભગ્નહૃદય બહુ,
ચિંતાભારે ખિન્ન, ક્લાન્ત, શોકાકુલ સૌ,
ઊઠો! પીઓ નવચૈતન્ય તણું જલ,
આજે કાવ્યામૃતનો અહીં મંડાયો મહોત્સવ!
નરનારી, પશુપંખી, પુષ્પવેલ, જડચેતનમાં,
હર્ષ, રાગ ને ઐક્ય તણી આજે બાંસુરિયાં!
રવીન્દ્રની બજતી વીણાના સંતત સૂરે,
સ્વર્ગ-પૃથ્વીનું સત્ત્વ ઝરંતું વાણી કેરા પૂરે! 39

જીવનને છલના, માયા, બંધન કે પામર,
કમલપત્ર પર ઘડી ઠરેલાં વા બિંદુ સમ,
કહીને તું તપસ્યામાં કઠોર કોની સરતો?
ને તેમ કરી તું ઉપાસ્ય કેરી મહા ઠેકડી કરતો!

જેને તું ઢૂંઢે છે, પૂછે છે, પવિત્ર માની,
તે દેવ ઘડી આંગણામાં, ઘડીમાં બહારે,

ઘડી અંધારે, ઘડીમાં તેજે, જ્ઞાને, અજ્ઞાને;
ઘોર ગરીબી, વા વૈભવમાં તડકે, છાંયે;
તને જ ખોજતો જો! ઊભો છે તારી સામે! 48

ભિક્ષુક શો દીન-હીન, કર એ લંબાવે,
પ્રેમામૃતની ભીખ માગતો તારે ઘર આવે!
સદને તારે ઝૂલે પારણે એ જ શિશુનાં રૂપે!
વાત્સલ્ય ઢોળતો, પુલકિત
થાતો, તું કોના પર ઝૂકે?

નિત્ય પરોઢે, કુસુમપરાગે, સુરભિત શ્વાસે, તારા ઉપવનમાં,
એ ઊભો રહે છે કલ્લોલિત કરતો, તુજ ઝરણ ન શું ચેતનનાં?
તેમ છતાં તું હાથ પસારી સ્વર્ગ કયું ઢૂંઢે છે?
દેવસદન તારું તારામાં, તું વ્યર્થ ક્યાંથી ઘૂમે છે? 54

એ તુજ સહ જન્મ્યો છે ને
લેટ્યો છે ધૂળમાં તારી સાથે,
પંથ ભૂલીને ભટક્યો યે છે નૈરાશ્યબોજ લૈ માથે!
તારી સંગાથે આપ્તજનોના
હર્ષહિલોળા માણ્યા છે,
ને વિપદ તણાં રણમાં નિર્ભય
થૈ ડેરા એણે તાણ્યા છે.

પ્રેમઅજંપે ને તલસાટે ચિત્ત ભરેલું સોહે,
હજાર નેત્ર તલપીને તુંને પીધો પળપળ મોહે!

અનિલલહર બની સ્પર્શે તુંને, વિહગસ્વરોથી ગોષ્ઠિ
કુસુમપરાગ રૂપે આલિંગે, એ પળપળ તુજને ઝંખી.

એ પથદર્શક, જીવનજળવમળે એ જ ખરો સુકાની,
સૌંદર્યસ્વરૂપે સચરાચરમાં તુજ સંગ રહ્યો છે વ્યાપી. 66

ખોલ બારણાં, ચરણધૂલિ લે,
આપ્તજનોને આમંત્રણ દે!
સુષુપ્તિ કે ગાઢી નીરવતા,
દૂર ધકેલી, લે ફૂલમાળા કરમાં.

વિશ્વ તણા ખૂણે ખૂણેથી જનગણ જો વધાવે
ઐક્ય તણું ગુંજન નરનાર બધાં જ મચાવે! 72

અભિમાન, અસૂયા વા વેરઝેરની છાયા,
દૂર થયાં; વજ્જર છાતીમાં સ્નેહસ્રોત છલકાયા!
હાથ ખોબલે જે ગજરા ફૂલોના ઢગલા ઝાલ્યા,
માનવનારાયણ પદ અર્પી, ધન્ય બની મલકાયા!
76

રવીન્દ્રગિરાની વહે જાહનવી, પાવન સૌ જલસ્નાને,
ઝૂકી, ઝૂકીને પ્રણમે સર્વે એ મંદિર પગથારે!

વિશ્વ સમગ્ર આ ધરે ગરિમા, શોભા ને સુંદરતા,
સહસ્રદલ કો કમલ સમાણી વિકસિત શું માનવતા!

સંસાર બને આ વૃંદાવન, ને બજે બાંસુરી મીઠી,
સચરાચરમાં ધબકે ઝંખા, અનુપમ કોક અદીઠી,
જલ, પશુ, પંખી, વેલ, પુષ્પ ને માનવમન નંદિત છે,
કવિવર વાણી તણા આનન્દે જડચેતન સ્પંદિત છે.* 84

*મૂળ શ્રી કાટૂરિ વેંકટેશ્વર રાવની તેલુગુ કવિતા પરથી તા. 26 જાન્યુઆરી 1962ના રોજ રાષ્ટ્રિય કાર્યક્રમમાં ઑલ ઇન્ડિયા રેડિયો પરથી પ્રસારિત થયેલી કૃતિ.

રંગભૂમિ પર કાળનટે તો

રણમધ રઝલે લાખ્ખો લોથ અનામી,
હાહાકાર અને ક્રન્દન સહ નીકળે કૈંક નનામી;
સૌભાગ્ય તણા ખંડિત કંકણનો ઢગલો વધતો,
ઘરઉંબર પર મૃત્યુઅજગર ધીંગો ભરડો ભરતો!
લોહીભીની ધરતી પર કદમો કાળ ભરે છે,
તરહ તરહના નટવા જેવાં રૂપો કૈંક ધરે છે!
ખેતરમાં નહિ ધાન્યજવારા,
પણ ધખધખતા અંગારા,
વાવી કાળ અસંખ્ય વીરોનાં લીલાં માથાં લણતો,
ઝંઝાઘોડે સ્વાર બનીને ખૂણેખૂણો ખણતો!

એક હાથમાં તેગ, બીજામાં ખાંપણ, ખપ્પર,
ડગલે ડગલે ભૂકંપોનાં પ્રગટાવે તાંડવ જબ્બર. 12

સત્તાવનની સાલ હતી સૈકા પહેલાંની,
મૃત્યુમાંડવે ફાગ ખેલતી કથા ભવ્ય, બળવાની!

'ક્રાન્તિ એ તો કમલ લોકોત્તર' કહીને કવિજન ગાયે,
તેમ છતાં પંકજદલ ક્રાન્તિ અગ્નિમાં ભરખાયે! 16

ઝડપાયા નરવીર હોળીમાં,
કૈંક ઘવાયા, પડ્યા ઝોળીમાં;
કૈંક દટાયા કબરો નીચે,
અગણ ઝાડ
પર મડદાં હીંચે;
મૃત્યુ ભયંકર જડબાં ખોલે,
શબની આંખો પંખી ઠોલે;

શતક એક પહેલાંની એ તો સત્તાવનની સાલ હતી,
વેરઝેર, હિંસાહોળીની પ્રચંડ પ્રગટી ઝાળ હતી! 24

શતક એકનું ચક્ર ફર્યું,
કાળનટે રૂપ જુદું ધર્યું!
તેગ, તોપ, લશ્કર મનવારો
કેરો જૂનો ન ખપે સથવારો!
સમસ્ત પૃથ્વીપટને માથે,
વર્ષાવે અગ્નિ એકી સાથે;

— પલકારામાં માનવકુલનું થાય નિકંદન,
વિજયી કેરું શેષ રહે ના નન્દન;
પરાજિતને કરવાનું ના કૈં ક્રન્દન,
સચરાચરમાં સરજાવે સંહારક સ્પન્દન—
પ્રલયંકર શસ્ત્રો એવાં આજે કરમાં ભરી,
મલકે કાલ રૂપ બીજું ધરી! 36

કુરુક્ષેત્રને કંગાલ કહાવે
એવાં બે યુદ્ધો ભીષણ,
સ્મશાન સરખું દશ વર્ષોથી ભડકે બળતું
હીરોશીમાનું શેષ રણાંગણ,

હજાર વરસે ભાગ્ય ધરાના હોયે તો પેટ પાકે,
પયગમ્બર શા પુત્ર પનોતા ગાંધીનેય—
ભૂલ્યાં કે?

ધીમે ધીમે એક શતકનું ચક્ર ફર્યું,
રંગભૂમિ પર કાળનટે તો અદકું ભીષણ રૂપ ધર્યું! 42

14 ઑગસ્ટ, 1957

અશ્વને

શરીર ઊચલેલ અશ્વ, મન વીજ ઝંઝા સમું,
ભમ્યો ઘણું, છતાંય થાતું ભમવાનું બાકી રહ્યું!

નિહાળું ધણ જાતું નિત્ય વગડે હું સૂર્યોદયે,
વિહંગ નિજ પંખ વીંઝી ગગનાંગણે દોટ દે!

સમુદ્રતટને નિશાન નિજનું ગણીને ધસે
નિરંતર તરંગ લાખ : બીજ ભૂમિ ભેદી હસે
ધરી તરુનું રૂપ; આભ લગી આંબવાને મથે!
અને ઝરણ ફોડી પહાડ ગતિમાન કેવાં કરે!

ભમો હય! થળોની ધૂળ, મમતા બધી ખેરવી,
ધખેલ ધરતી તણી જલદ પ્યાસ હૈયે ધરી,
જરા અગર બોજનું વજન ફૂલ જેવું ગણી.
કરી કઠણ તંગ, એડી અણિયાળીને ખૂંપવી
પદે લથડતા, સવાર! બળ વજ્રનું દો ભરી,
અથાક રહું દોડી દૂર તણી મંઝિલોની ભણી. 14

ધપો, હય! તમા ન ટૂંકી જવું પંથ વચ્ચે પડે;
ખપે ખમીરવંત હોંશ ભર આંબવા ધ્યેયને. 16

ગિરનારને

તું પૃથ્વીનો સ્થિત કદી નવ માનદંડ
હિમાદ્રિ પાસ દીસતો લઘુ માત્ર ખંડ!
ને તે છતાં ચરણ પાસ હું આજ બેઠો,
મારો બધો જીવનબોજ ઉતારી હેઠો.

મારું શરીર ખખળ્યું, ક્યમ ટોચ આંબું?
હું પંગુને તસુય જોજન જેવું લાંબું!
તારી ટૂકો, પથ્થર, ભૂતગાથા,
સતીત્વ ને શૌર્ય તણી સુણાવતા!

કંકુઘડી રાણક કેરી કાયા,
રા'ને લગાડી દિલ કેવી માયા?
ક્રોધાળ, ગર્વોન્નત, કામી, ક્રૂર,
ઘેરો ધરી પાદર, શૌર્યપૂર
વહાવતો પાટણનો ધરાધિપ,
મોહાંધ થૈ આવત સિદ્ધરાજ!
એની મહેચ્છા રૂપલાલસાની,
રાની ઠરી રાણક પામવાની!

સેના લડે, મૃત્યુ અતંત્ર ખેલે,
ગામે જલે, ને શબ ગીધ ઠેલે.
પેખી રહે રા' ગઢગૉખ મધ્યથી,
વિદાય લેતાં નિજ રાણીવાસની!

ઝઝૂમતા અંતરિયાળ રા'ની
રણાંગણે કાય સદાય સૂતી;
રાંડી ધરા સોરઠ, રાણી સંગે;

રંગાય કાયા તવ રક્ત રંગે!

ભુંજગની દાઢ સમા કૃતઘ્ની,
ભેકાંર રાતે નૃપમ્હેલ આવી;
ભાણેજ બેએ છલથી ભળાવી,
દાવાનળે રાણકને દગાથી!

પરંતુ ઝાળે છલનાની તાતી,
મ્હોરી રહી સ્નેહસુવર્ણકાંતિ!
તેં ઝેરને અમૃત માની પીધું,
વૈકફલ્ય શસ્ત્રાસ્ત્રનું જોઈ લીધું!

તળેટિયે ખંડિત સ્તંભ સૂતો,
કાલાબ્ધિ જાણે બની બિંદુ ચૂતો!
લોહીભીનાં શસ્ત્ર પખાળી નીરે,
અશોક લૂછે રજ પીત ચીરે!

આ કુંડમાં નિત્ય પલાળી પંડ,
બજાવતાં તાલ, મૃદંગ, ચંગ;
સુધાસ્વરોની નરસિંહ હેલી,
વર્ષોવતો ’તો બની ગોપી ઘેલી!

મહાલયો ને ગઢ, વાવ, ભોંયરાં,
ખેડાયલાં તીક્ષ્ણ હળે વિનાશનાં!
ચૈતન્યનો તે મહીં રોપ ફૂટે,
લાવણ્ય જેનું નવ કાળ લૂંટે!

સંતો, સતી ને શૂરવીર કેરા,
આ પથ્થરે પથ્થર લુપ્ત ડેરા!
તું હો ભલે ને લઘુ શૈલ માત્ર,
સ્પર્શી તુંને પાવન થાય ગાત્ર!

હે હિમાલય!

દુર્ધર્ષ દુર્ભેદ્ય, અન પૃથ્વી તણો સ્થિર,
ઊભો, ખડો તું માનદંડ હિમાલય!
તારી કરાલ યમદાઢમહીં યુગોનું,
ઓરાય દળણું.
તુજ નેત્ર ભાળે,
સામ્રાજ્યના ઉદયઅસ્ત થતા પળેપળે.

તારા શિરે અતલ આભ ધરંત છત્ર,
ઝંઝા પ્રચંડ તાંડવ કરી નર્તંત મસ્ત.
ને ધૂમકેતુ, ગ્રહ, કોટિ નિહારિકાઓ,
શિરે ધરેલ મુકુટે બની રત્ન સોહે.

તારે શરીર કર્પૂરશ્વેતા વાઘા,
નિતાંત રમ્ય વનરાજિ કિનારવાળા,
ગંગા ધૂએ ચરણધૂલી પખાળી પાય,
સેવે તને શિવ સમા કરી નિત્ય વાસ.

તારું કરાલ-સુંદર અતિ, દિશિ દેવતાત્મા
ન્યાળું હું રૂપ, બની મુગ્ધ.
પૂછું હે મહામના!
તારું કરાલ રૂપ તું નવ કાં બતાવે?
દંષ્ટ્રો મહીં પૃથ્વીપીડકો નવ કેમ ચાવે?
રે, આતતાયી ખંડિત કરે તન તારું તેને,
ના દંડતો ક્યમ તું કોઈક વજ્રશસ્ત્રે?

હું પૂછું દેવ! મનને મથનાર પ્રશ્ન,
શું ધર્મ, સત્ય, તપનો થશે નહિ જય?

જે પાશવી, પ્રાકૃત ને અભદ્ર,
હણાય ના શક્તિથી કો અદમ્ય?

ઊઠો વિરાટ! કરમાં ધરી શસ્ત્ર ડારો!
પ્રેરો પ્રજા,
રક્ષો ધ્વજા!
હે દેવ! સુંદર મટી, રૂપ રુદ્ર ધારો!
[‘ઉત્તરા’ વાર્ષિક–1966]

દેવ હા!

દંડપ્રહારે દમનાર દેવ હા!
ઝીંક્યે જજે ઉગ્ર બની તું શસ્ત્ર ઘા!

હૈયું મૃદુ મીણ સમાન તો ક્યમે,
દુર્ધર્ષ ને ભીષણ વજ્રનું બને?

હે જિંદગી!

હે જિંદગી! તેં રત્નપાત્રે દીધું ઝેર ઘૂંટી,
સમૃદ્ધિ મારી સઘળી લીધી લૂંટી.

વૈરાનપથમાં લૂ ઝરે ને ઝાંઝવાં લ્હેરાય દૂર,
મન વિદ્ધ મૃગ શું ત્યાં ધસે ને તું હસે–

આનંદક્રૂર!

જિંદગી મૂર્ખની વહે

ગોષ્ઠિમાં કાવ્યશાસ્ત્રોની ધીમંતો કાળ નિર્ગમે,
વ્યસને, કલહે, ઊંગે જિંદગી મૂર્ખની વહે..

[સંસ્કૃત સુભાષિતનું ભાષાન્તર]

મૃત્યુ

ખોબલે ઝીલેલ જલની જેમ હું ટપટપ પડું
મખમલ તણે પગલે અરવ,
નિર્બંધ, નિર્દેહી, અકલ,
ચૂપચાપ, ખ્વાબો જેમ હું પાંખે ચડી સઘળે ભમું.
રત્નમંદીલ હો અમૂલખ, હાથમાં સત્તા છડી;
ગાઢ ગેરુ રંગભીની છો ધજાઓ ઉડતી;
હો દીન, કે હીન, કૂબે વસેલ;
હો વૃદ્ધ વા યુદ્ધ વિશે અજેય;
માતા બનીને પાલવે શિશુને ઢબૂરું.
રા' રંક કેરા ભેદ,
તેનો ઊડાડી છેદ;
મારે હૂંફાળે અંક સૌને સંઘરું.
હું સરોવર ઊર્મિઓની મર્મરંતી લ્હેર,
ધૂપમાં પ્રસરી જતી છું ઉજજ્વલી હું સેર;
હું પંખીના ટહુકાર કેરો સૂર,
છું આપ્ત; તો યે નિત્યનૂતન, દૂર!
હું ગહનના કોડિયામાં તેજ તારાઓ તણું,
થૈને ચમનનો બાગબાં, ફૂલો લણું!
સંધ્યા સમે પ્રગટેલ દીવો દેવનો,
શેષ સાંપ્રતને કરી, હું ભારું ભૂતકમંડલો!

['અભિનવ ભારતી' એપ્રિલ, 1974]

વેદના ભૂલવા, દેવ!

મેં મારો મિત્ર મોંઘો, ભવરણ રઝળી મેળવ્યો ભાગ્યજોગે;
દીધો જેણે ચઢણ વસમે, બાહુટેકો બલિષ્ઠ;
જેનો હૈયાખજાનો, પળપળ દ્રવતો સર્વ પ્રત્યે વરિષ્ઠ;
સોંપ્યો હા, ભગ્ન મેં તે, ભડભડ.... કાષ્ટના એહ ખોળે.

વર્ષા મધ્યે સમદર તણું ઓઢણું આભ પાણી;
ઝંઝા ઝીંકે વીજ પ્રબળની તેગ કેરી થપાટું;
મોજાં ધારે ગિરિવર તણું રૂપ નાવો તણાતી;
હૈયું મારુંય તેવું, નિશદિન વસમો વેદનામાર ખાતું.

વીતે દિનો, વરસ વસમાં, કાળનું ચક્ર ઘૂમે;
રે, હૈયાની સરાણે પ્રતિપળ ઘસતાં યાદ તો ઓર ઝૂમે!
શસ્ત્રોથી ખૂબ તીણી, હૃદયદલને છેદતી ધાર તાતી;
ને હું જાણે બાણ-સોતું મૃગ તરફડતું, ઝંખતું બુંદપાણી!

વેદના ભૂલવા દેવ! ઘેન દો વિસ્મૃતિ તણું;
ફૂલ શું કાળજું મારું, બનાવો જડ અશ્મ શું!

દીપ બુઝાયો!

વાયુનો એક ઝપાયો વાયો,
સહસા, ઝગતો દીપ બુઝાયો!- વાયુનો૦

અંધાર ભયંકર, હરેક ઘરઘર, ગામ નગર પર, સીમે સીમે,
તોતિંગ સૂતેલા અજગર જેવો, લે ભરડો ધીમે ધીમે.
- વાયુનો૦

દુનિયાએ, કુરુક્ષેત્રને કંગાલ કહાવે, એવાં બે યુદ્ધ નિહાળ્યાં,
હાહાકાર, અશ્રુ, ક્રન્દનના સૌભાગ્યતણા ખંડિત કંકણના
ઢગલા ઢાળ્યાઃ

સૈનિક-શબની આંખ ઠોલતાં પંખી-રવના,
પયપાન ફોરમે ફોરંતાં, ને ભીનાં મુખનાં,

યુદ્ધયજ્ઞમાં ફૂલ સુકોમળ હોમાતાં કૈં સૈનિકગણનાં;
ધરતી માથે વહેતી માનવ-લોહી-સરિતનાં દશ્યો ભાળ્યાં.

પણ માનવની આજતણી અદકેરી પ્રગતિ પાસે.
એ વાત નકામી, ને જૂનેરી ભાસે,
તેગ, તોપ, લશ્કર, મનવારો
કેરો હવે ન ખપે સથવારો;
સમસ્ત પૃથ્વીપટને માથે,
વર્ષાવે અગ્નિ એકી સાથે,
પલકારામાં માનવકુલનું થાય નિકંદન,
વિજયી કેરું શેષ રહે ના નંદન,
પરાજિતને કરવાનું ના કૈં કંદન,
સચરાચરમાં સરજાયે સંહારક સ્પંદન,
પ્રલયંકર એવાં શસ્ત્ર તણા ભારાને કરમાં ભરી,

અંધારતણું લીંપણ ધરતી પર, કાળ રહ્યો છે કરી!

કુરુક્ષેત્રથી હીરોશીમાનાં, ભડકે બળતાં, મસાણ માથે,
દુનિયાએ જેને જોયો'તો થોડાંશાં તેજકિરણની આશા સાથે,
માનવદેહે દીપ એક એવો ઝગતો'તો,
ઊલેચવા સાગરને ખોબે જે તનમનથી મથતો 'તો,
વાયુનો એક ઝપાટો વાયો;
સહસા ઝગતો દીપ બુઝાયો!

અંધકાર ભયંકર, હરેક ઘરઘર, ગામનગર પર, સીમે સીમે,
તોતિંગ સૂતેલા અજગર જેવો, લે ભરડો ધીમે ધીમે.

[ગાંધીજીના મૃત્યુપ્રસંગે]

પૃથ્વીનાં ભાગ્ય હોયે તો!

અંભોધિ કાળનો ગાજે, તરંગો લખ આથડે;
ઝંઝાની ઝાંઝરી વાગે,
સામ્રાજ્યો ઊથલે, પડે.
સામ્રાજ્યો ગયાં, આવ્યાં;
નામશેષ થયા ગિરિ;
અબૂઝી માનવીહૈયે દીવડી પ્રેમની રહી.

ક્રાન્તિના શોર્યની શોભા,
શાશ્વત જેનું યૌવન;
હિંસાગ્નિમાં બળે વિશ્વ, કરે અમૃતસિંચન.
વિશ્વની શ્યામળી ભોંમાં માંડે તેજનું લીંપણ,
પૃથ્વીનાં ભાગ્ય હોયે તો જન્મે કોક જવાહર!

અંધારાં યુગનાં વીંધી, તેજ એ ઝગશે સદા;
'વેરઝેર હણો જેથી પૃથ્વી પે પ્રગટે મુદા!
આયુધો, યુદ્ધ ને હિંસા,
હત્યાથી માનવો તણી,
સુખ કે શાંતિનું સ્વપ્ન, વિશ્વનું ફળશે નહિ.

બંધુત્વ, પ્રેમ ને સત્ય, શસ્ત્રો છે સર્વથી વડાં;
હિંસાને હણજો સદ્ય, છલે અમૃતના ઘડા.'

14 નવેમ્બર, 1971

હું શું માગું?

હું અભિયાગત કણનો,
તું અણગણ મણ દૈ હસતો;
માગું બુંદ બે તરસ્યા કંઠે,
ને અનરાધાર વરસતો.
- હું શું માગું?

પાનખરે વાડી વેડાતી,
તું વસંત-વૈભવ સીંચે;
ડગમગ થાતા પગ મારામાં,
વેગ વાયુનો હીંચે.
- હું શું માગું?

અંધારે રડવડતો ભટકું,
કિરણ-કરોથી દોરે;
જનમ જનમના બધિર કાને,
ઝણકાવે ઝાલર શોરે.
- હું શું માગું?

હે, કરુણાળુ! હવે તખત તવ,
ઝંઝા-ઘોડે માંડો;
વજ્જરના સાંબેલે સ્વામી!
ખોટાં મોતી ખાંડો
મારાં ખોટાં મોતી ખાંડો!
- હું શું માગું?
[‘ઉત્તરા’ દીપોત્સવી, 2027 (ઈ.1971)]

આવો!

અમ રંક દુવારે આવો,
હરિ! હજુ યે કાં તલસાવો? - અમ રંક૦

આ આસન કમલાસન છે ના,
કીચડથી ખરડાયું;
ચરણ તણી ચાખડીઓ ધોવા,
નયનન-જલ છલકાવું! - અમ રંક૦

સૂર સાંવરા બંસી કેરા,
તમે હવે ના છેડો;
શંખ ફૂંકી ઝંઝાના, ગજવો.
ત્રિકાલનો તરભેટો! - અમ રંક૦

કારાગાર કઠે ના અમને,
લાગે બંધન, મુક્તિ;
ચક્રપાણિ! ભેદી ભોગળને,
આંખે આંજો જ્યોતિ! - અમ રંક૦

પ્રલયંકર! પાવલિયા પાડો,
ધૂણી છે અણપેટી;
પે'રાવી પાવક-પીતાંબર,
લ્યો અમ અંગ લપેટી! - અમ રંક૦

['બુદ્ધિપ્રકાશ', માર્ચ 1974]

ચંડીદાસ પદાવલિ

[1]

પ્રીતિ, પ્રીતિ, સહુ જન કહે,
પ્રીતિ સહજકથા;

વૃક્ષફલ ન હોય પ્રીતિ,
એ મળે ન યથાતથા.

પ્રીતિ અંતરે, પ્રીતિ મંતરે,
રટવી પ્રીતની માળ;

પ્રીતરતનને પામનારું જન,
સાચેસાચું બડભાગ!

પ્રીતના અક્ષર છે અવિનાશી,
પ્રસિદ્ધ ભુવને ત્રણ;

એમાં ન ચાલે કોઈનું કાંઈ,
કુલ ને જાતનું પણ!

વેદવિધિથી ય પ્રીત અગોચર,
કોણ એ લિપિ વાંચે?

રસથી ગર્ગર અંતર જેનું,
મરમ તેનો પામે!

પ્રીતતા 'પી' ને જાણનારું તો,
અધર સુધારસ પીવે;
રસના સાગરે જાતને બોળી,
હોંશથી જાતને ખુવે!

પ્રીતનો પંથ છે દુર્ગમ ભારે,
કહે ચંડીદાસ એમ;
ભૂલવો જોશે જાત-જુદારો,
ને થાવું જોશે એક!

[2]

બંધુ! તું છે મારો પ્રાણ!
દેહ, મન, સોંપ્યાં મેં તારે ચરણ,
સોંપ્યાં મેં કુલ, શીલ, જાતિ ને માન;

હે ઘનશ્યામ! વિશ્વાધિદેવ!
યોગીઓ ધરતા તારું ધ્યાન!

ગોપ-ગોવાલણ જે છે અતિહીન,
ન જાણે ભજન-પૂજન;

પ્રીતરસે તો ય ગયાં ગળી ને,
પામિયાં તારું શરણ!

તું જ મારો પતિ, તું જ મારી ગતિ;
મારે ન દૂજું કોય;

લોક નગુણાં કહે કલંકી,

માનું કલંક હાર શું સ્હોય!

પાપી, અપાપીનો તું જ છે જ્ઞાતા,
જગને શાનું જ્ઞાન?

કહે ચંડીદાસ, ચરણ તારાં,
મારી પુણ્યાપુણ્યની ખાણ!

[3]

રસસાગરમાં ખીલતું કમલ,
પ્રીત છે એનું નામ;

પ્રેમપરિમલ પીવા ભમરા,
ગુંજતા ઠામોઠામ!

ભમરા ભોગવે કમલમાધુરી,
પીબત, પીબત, મસ્ત!

રસિક માણતાં રસની ચાતુરી,
જાણે ન જશ અપજશ!

ધરમ-કરમ કરનારાં, કે
પોથીનાં પઢનાર;

પ્રીત-મરમને સમજ્યા વિના,
ગૂંથતાં ભ્રમણા-જાળ!

ચંડીદાસ કહે સાંભળ સુંદરી,

પ્રીતનો પરમ સાર;

પ્રીતથી ઘાયલ પળમાં દેતું,
પ્રાણ તણો ઉપહાર!

[4]

ચંદ સુધારસ શ્યામ શરીર પર,
હોંશે હોંશે ઢોળે;

કીકીઓ ખંજન-પંખી શી ચપળ,
અંજન શ્યામલ સોહે!

ભુજ સોહે કરિસૂંઢ શા સબળ,
ને ઓષ્ઠે બિંબફળ રાતું;

કંઠ-શોભા તો શંખ શી કોમળ,
ઝીલે વાણી કોકિલ વેણુ વાતું!

રતન જડેલી આરસ-શિલા
જેવી સોહે છાતી,
પીતામ્બરધારી દેહની યષ્ટિ,
જાણે ક્યારીમાં વેલ સોહાતી!

ઉરુયુગ્મ જાણે કદલી મૃદુલ,
દશાંગુલિ-નખ દર્પણ;
ચંડીદાસ નિજ મુખ ઝાંખી એમાં,
યુગેયુગે થાય ધન્ય!

[5]

રસિક, રસિક, સહુ કહાવે;
એમ કો રસિક થાય?
લાખ જનોમાં બડભાગી કો,
રસિક સાચું કળાય!

રસના અણુએ અણુને ઘૂંટે,
સચરાચરમાં જેહ;
પૂર શો આતમ વહેતો ચાલે,
એનો જાણે ન માઝા નેહ!

ખરચતાં જે બમણું બાઢે,
એવું છે રસનું ધન;
માટીમાંથી માણેક મોહન,
પકવે જેનું મન!

રસની પ્યાસ છે એવી અબૂઝ કે,
પીબત, પીબત, બાઢે;
જેમ ટોવો તેમ તૃષા વાધે,
કંઠ શોષાયે પ્યાસે!

કહે ચંડીદાસ સુણ રસીલી!

તું છે રસનો કૂપ;
રસિક જનને દૂર ધકેલ્યે,
બમણું બાઢશે દુઃખ;
તારું, બમણું બાઢશે દુઃખ!

ઘટમાં પેટાણો

ઘટમાં પેટાણો કૂંળો, શીળો ઘીનો દીવો રામ!
અંધારાં ઉલેચાણાં, તેજથી લીંપાયાં ધામ!
- ઘટમાં પેટાણો૦

ગંગાજળ કેરી કાવડ, કાશીનાં તીરથેથી
ઘરની ગોળીમાં ઠલવાણી,
બુઝાવો પ્યાસ બેલી!
ટોઈ, ટોઈ, તરસ્યા કંઠ;
અમરતની આજે છે ઉજાણી!
- ઘટમાં પેટાણો૦

આભ મઢ્યું છે નાથે હીરા ગૂંથીને,
ધરતીમાં રસકસ રેલે;
સમદર મૃદંગ માથે થાપ વગાડી ધીમે,
ખેલંદો ખેલ કેવા ખેલે?
- ઘટમાં પેટાણો૦

શાસનની તેગ તાતી, ઝૂકેલાં શિર માથે,
તોળાણી કૈંક, લાંબો કાળ;
ભાંગીને તેગ, ઘડતાં હળ, ત્રાકો પાવડા,
નિરભે થૈ લોક કેરા હાથ!
- ઘટમાં પેટાણો૦

પીઓ રે પિયાલા પ્રેમી! પરભુના પ્રેમના,
આંખ્યુંમાં અમીરસ હેરે;
હૈયાનો હીરો તારો, ઘણ ઘાને ઝીલતાં,
ફૂટે ના ફટકિયાંની પેરે!
- ઘટમાં પેટાણો૦

રામનિવાસ

અલબેલી આ મુંબઈ નગરી,*
જ્યાં માયા, મોહની આંધી જબરી;
એમાં સતજુગનું નજરાણું,
હોયે તેવું જરી પુરાણું;
રસ્તા કાંઠે ઘર વરતાતું,
નામપાટિયું ચકમક થાતું!

'રામનિવાસ' શબ્દો હું વાંચી,
ઘર મારું લઉં તુર્ત પિછાણી.
મારાં યે ધનભાગ્ય જ કેવાં,
રામ તણું ઘર મારે રે'વા!

'રામનિવાસ' સુણી શબ્દો હું,
નગર અયોધ્યામાં ભમતો હું;
સીતા, લછ્મન, ને રઘુરાયા,
જયજયકાર બધે વરતાયા;
લંકાનો ગઢ પળમાં લીધો,
રાવણનો વધ યુદ્ધે કીધો;
મારાં યે ધન ભાગ્ય જ કેવાં
રામ તણું ઘર મારે રે'વા!

રે, રે, એ તો છલના ખોટી,
માયા, ભ્રમણા, મનની ખોટી!
ક્યાં સતજુગ? ને ક્યાં રઘુરાયા?
ક્યાં કપરા દિન આજ અમારા?

મારાં યે વાહ ભાગ્ય જ કેવાં,
રામ તણું ઘર મારે રે'વા!

* આ સોહે નગરી.

અન્ન માટે ઘર સામે મારાં,
ઉકરડે દેખું ભમનારાં!
આંખોમાં આંસુને લાવી,
ટગર ટગર બાળક બતલાવી,
હું પેખું નારી વસ્તર માટે,
ઘર ઘર ભમતી અંગ ઉઘાડે!
રામતણાં ઘરમાં રેનારો,
ન્યાળું ભવહોળીની ઝાળો;
- મારાં યે ધનભાગ્ય જ કેવાં,
રામ તણું ઘર મારે રે'વા!

સાગરપાજ પ્રભુજી બાંધી,
ક્રોધે ધનુનું નિશાન સાંધી;
મહાબળિયો રાવણ જિતાયો,
લંકાનો ગઢ ભોં રોળાયો;
અને છતાં કાં રાવણ કેરું,
તાંડવ ગાજે આજે ઘેરું?
ધેન બની ધરતી પોકારે,
પ્રભુ પધારો પૃથ્વી આરે!

--મારાં યે ધનભાગ્ય જ કેવાં,
રામ તણું ઘર મારે રે'વા!

કૃષ્ણકરે કૌરવવધ કીધો,
રામ બની રાવણ હરી લીધો,
વેરઝેર ને હિંસા કેરી,
હોળીમાં ગંગા તેં રેલી;
પરદેશી શાસનની બેડી,
બની ગાંધી તેં દીધી કેડી!

- મારા યે ધનભાગ્ય જ કેવાં!
રામ તણું ઘર મારે રે'વા

જગવન મધ્યે આજે પાછી,
દવની ઝાળ પુનઃ પેટાણી;
બળ આસુરી જોર કરે છે,
પૃથ્વી ભયકંપિત થથરે છે;
ધરતી ધેન બની પોકારે,
પ્રભુ! પધારો પૃથ્વી આરે!
રામનિવાસે રામ પધાર્યે,
જગ આખું કેવું હરખાયે?

-- મારાં યે ધનભાગ્ય જ કેવાં!
રામ તણું ઘર મારે રે'વા?

આ ધરતી પર

આ ધરતી પર સતનો સૂરજ,
કાળાં ઘોર વાદળના બુરજ,

મહીં અસ્ત થયો કે ગ્રસ્ત થયો
તે કાંઈ મને સમજાતું ના!
ઊંધે દોર કાં ફરે ફાળકો
દુનિયાનો? સમજાતું ના!
- આ ધરતી પર૦

સતિયાં જન પિલાય ઘાણીમાં,
નાગાંનુગરાં મોજ કરે,
પંડિત મોટો મૂરખ મનાયે,
મૂરખ જ્ઞાની બની ફરે!
- આ ધરતી પર૦

સતી નાર પીડા પામંતી,
શંખણી કેરા પગ પૂજાય,
કામધેનુનું ગળું કપાતું,
સાંઢ વાડીને વેડી જાય.
- આ ધરતી પર૦

સમદર માથે વરસે વાદળ,
તરસી ભોમ ન પામે બુંદ,
દુખિયો અન્નની એંઠ ન ભાળે,
સુખિયા કેરી વધતી ફુંદ!
- આ ધરતી પર૦

જટા, માળ, તિલક ધરનારા,

ઈશ્વરનો અવતાર મનાય,
યુગાવતાર ગાંધી સરખાની
હત્યાથી પૃથ્વી રોળાય!
- આ ધરતી પર૦

આ ધરતી પર સતનો સૂરજ,
કાળાં ઘોર વાદળના બુરજ,

મહીં અસ્ત થયો કે ગ્રસ્ત થયો શું સાચેસાચ?
ભેંકાર, શ્યામળા, દળવાદળને હણવાનો ના કોઈ ઇલાજ?

ન ઝંઝાવાત પ્રલંયકર વાશે?
ન વજ્રાઘાત એક્કે ઝીંકાશે?

અંધકાર, જડતા, પામરતા પર દંડપ્રહાર ન થાતો કાં?
સતસૂરજ ઝળકંતો કાં ના? કાંઈ મને સમજાતું ના!

આ ધરતી પર સતનો સૂરજ,
અસ્ત થયો કે ગ્રસ્ત થયો,
તે કાંઈ મને સમજાતું ના!

સ્વર્ગ થકી તું અધિકી સોહે

[આદિકાળથી અંધકાર, અસદ્, કે પાપનાં પરિબળો જ્યારે જ્યારે ધરિત્રી-ધેનુને પીડતાં હોય છે ત્યારે ત્યારે તેને વિદારનાર તેજપુંજ કોઈ ને કોઈ રૂપે અવશ્ય પ્રગટ થાય છે અને પૃથ્વીને અંધકારના ભરડામાંથી મુક્તિ આપે છે.

ચક્રને મુખ્ય ઘટકાંશ (Motif) તરીકે રાખી, આ સંગીતશ્રુતિકામાં આપણા ઇતિહાસમાં ત્રણ ચક્રધારકોએ આદરેલી પુણ્યલીલાનું આલેખન કર્યું છે.]

આજ છે માતૃભૂમિનું, પર્વ માંગલ્ય મુક્તિનું,
મંડિતા દિવ્ય સૌંદર્યે, શોભતી સ્વર્ગથી વધુ!

વૃંદઃ

વીતી રાત, ઊગ્યું પરભાત;
ગુણીજન ગાઓ હોંશે જયગાન!
- વીતી રાત.

દુર્ગમ પથ ભેંકાર રાત્રિનો,
ડગ ડગ ભર ભર કાપ્યો,
મશાલ લઈને મરજીવાએ,
આખર સૂરજ આંબ્યો!
- વીતી રાત.

અગણિત મહીંથી કોને ગાઉં?
દૂધમલ કૈંક શહીદો;
રણવાટે ખાંપણવણ સૂતા,
તેને આજ સ્મરી લો!
- વીતી રાત.

બંધન મોચણહાર વીરોની,
સ્મૃતિને આજ વધાવો;
રેન વીત્યાનો

મંગળ અવસર,
ધન્ય જીવનનો લ્હાવો!
- વીતી રાત.

ગંગા યમુના કલકલ ગુંજે,
છત્ર હિમાચલ ધરતો;
જનશક્તિના રથડા ઘમકે,
રવ ગગનાંગણને ભરતો!
-વીતી રાત.

પ્રવક્તા:

ભારત ભૂમિના દેહે, પાપ કે અંધકારના;
જ્યારે જ્યારે રિપુ કૈંક, મથતા બંધ બાંધવા;
ધર્મવીરે યુગે યુગે, અર્પ્યો છે મોક્ષ માતને;
વીંઝીને પુણ્યનું ચક્ર, શ્રીકૃષ્ણ, બુદ્ધ, ગાંધીએ!
(ગોંગનો અવાજ)

વૃંદ:

પુરાણ યુગમાં પૃથ્વી આરે,
હાહાકાર પ્રવર્તે ભારે!
કંસ તણું સુણી નામ જ લોકો,
કાંપે થર થર, પાડી પોકો;
કરી જુલ્મ કૈં ઘોર કૃત્યો,
ધર્મધેનુને પીડે દુષ્ટો!
- પુરાણ યુગમાં.

પ્રવક્તા:

આભના ગાભ વીંધીને, બારે મેહ ઝળુંબતા;
પૃથ્વી પે કૌરવોના યે જુલ્મો ઘોર પ્રવર્તતા.

અધર્મના વજ્રાઘાતે, પૃથ્વી રાંક શી કાંપતી;
છકેલી પાશવી સત્તા, બનીને મત્ત નાચતી.

અધર્મ પાપ, જુલ્મોથી, નિર્મુક્ત કરવા ધરા;
ચક્રાયુદ્ધ ધરી વેગે, સ્વયં શ્રીકૃષ્ણ સંચર્યા!

परित्राणाय साधूनाम् विनाशाय च दुष्कृताम् ।
धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ॥

(ગોંગનો અવાજ)

અંભેધિ કાળનો ગાજે, તરંગો લખ આથડે;
ઝંઝાની ઝાંઝરી વાગે, ઊગેલા યુગ આથમે.
યજ્ઞયાગો, બલિદાનો, હિંસા ને ધર્માંધતા;
વેરઝેર અને પાપો, જ્વાલાઓ પ્રસરાવતા!

ભારતભૂમિના માથે, તાંડવ ઘોર કૈં મચ્યાં;
વીંઝીને ધર્મનું ચક્ર, બુદ્ધે બંધન સંહર્યાં!

[ઘેરા, ગંભીર, કરુણામય સ્વરે ભગવાન
બુદ્ધની ધર્માજ્ઞાની વાણી સંભળાય છે.]

દયા, ધર્મ, અહિંસા ને સત્ય, પ્રેમ ઉરે ધરો;
હણજો પાપ, ના પાપી; પૃથ્વીને પુણ્યથી ભરો!

દીન, હીન, તણી સેવા, પતિતોદ્ધાર ગણો વ્રતો;
જનકલ્યાણને યજ્ઞ ગણી ધર્મપથ ગ્રહો!

(ગોંગનો અવાજ)

અદીઠું કાળનું ચક્ર, નિરંતર ઘૂમ્યા કરે;
તેજવર્ષા થયા કેડે, અંધકાર ફરી વળે.

'અલ્લા હો!' ગજવી આવ્યા, યવનો આંગ્લો ભારતે;
મુક્તિ સરસ્વતી, શ્રીને છૂંદી નાખી શાસકે!

પ્રગટ્યા કાપવા બંધો, કરુણામૂર્તિ ગાંધીજી;
ધરીને હાથમાં ચક્ર, કાષ્ઠનું, પ્રેમ ભાવનું!

વૃંદગાનઃ

ધીરે ધીરે ગુંજે કેવો,
જગની સંપત્તિ જેવો;
ગાંધી, તારો રેંટિયો હો જી!

ધોળા સૂતરને તારે,
જગનું તું દુઃખ વિદારે;
પ્રેમ, અહિંસા, દયા બોધીને
માનવજાતને તું તારે,
- ગાંધી તારો.....

એહ ચક્ર પ્રતાપે બંધન,
નષ્ટ થયાં ભારતનાં;
'દૂર હટો!' બોલ્યો તું, ધાડાં,
હટી ગયાં શાસકનાં!
- ગાંધી તારો....

વૃંદગાનઃ

ઝરમર, ઝરમર, વરસે ધારા;
જનગણમનના છલે કિનારા;
- ઝરમર, ઝરમર.

મુક્તિપર્વના દીઠા આરા,
દયા ગણું તવ સરજનહારા!
- ઝરમર, ઝરમર.

કોટાનકોટિ જન તારે શરણે,
શિશુફૂલ નિજનાં
ધરતાં ચરણે;
વિશ્વ તણું મન મા પરે મોહે,
સ્વર્ગ થકી તું અધિકી સોહે!
- ઝરમર, ઝરમર.

['ગુજરાત' દીપોત્સવી અંકઃ સં. 2028]

ધરતી પાડે રે પોકાર (નૃત્યરૂપક)

દર્શન પહેલું

વૃંદઃ

અંભોધિ કાળનો ગાજે તરંગો લખ આથડે,
ઝંઝાની ઝાંઝરી બાજે, ઊગેલા યુગ આથમે.

પરકમ્મા કરે પૃથ્વી પ્રતિવર્ષ જ સૂર્યની,
અંધકાર અને તેજ ભરી કેડી પ્રવાસની.

દુર્ભાગ્યે ધરા માથે અંધકાર વધી જતો,
પુણ્યનો ઉજ્જવલ ત્યારે
મહાદીપ થતો છતો!

નર્તક-નર્તિકા વૃંદઃ

પુરાણ યુગમાં પૃથ્વી આરે,
હાહાકાર પ્રવર્તે ભારે!
કંસ તણું સુણી નામ જ લોકો
કાંપે થર થર, પાડી પોકો;
કરી જુલ્મ કંઈ ઘોર કૃત્યો,
ધર્મધેનુને પીડે દુષ્ટો,
..... પુરાણ યુગમાં.

મથુરા નગરી મધ્યે મોટો,
ભૂપ જેનો નહિ જ જોટો;
ખંડે ખંડે હાક વાગે,
રૂપ રુદ્ર કરાળ લાગે;
..... પુરાણ યુગમાં.

[નર્તક-નર્તિકા વૃંદ અદશ્ય થઈ જાય છે.]

કંસઃ

અટ્ટહાસ કરી કંપાવું,
દિશદિશના દિગ્પાળો;
મહિપતિ સર્વે ચરણ નમાવું,
હું સઘળું સંહરનારો,
....પુરાણ યુગમાં.

વાસીદું નિત વાયુ વાળે,
વરુણ ભરતો પાણી;
ઈંદ્ર સરિખો દેવ વડો તે,
મુજ આજ્ઞા લેતો જાણી;
....પુરાણ યુગમાં.

[કોણ મારી તોલે આવશે? નવે ખંડમાં મારી હાક સાંભળીને કોણ નથી કાંપતું? દેવકીનું બાળ મારો કાળ બનશે? (ખડ ખડ હસે છે.) દેવકીના બાળ- મારા- કાળ-હું જ તારો કાળ બનું છું. લે, ઝીલી લે, મામાનું વહાલ ઝીલી લે! (બાળક ભોંયે પછાડે છે ને અટ્ટહાસ્ય કરે છે. આકાશમાં વીજળીની ગડગડાટી થાય છે. ધીમે ધીમે કરુણ આક્રંદનો સૂર ઊઠે છે.]

વૃંદઃ

ધારિત્રી ધેનુ શી રાંક કંપે જુલ્મ સહી સહી;
કંસના ઘોર કૃત્યોને માઝા કાંઈ રહી નહિ.
અંધારું ગાઢ જામ્યું તું, પાપનું પૃથ્વીની પરે,
પરમાત્મા ધરી દીપ પુણ્યનું તેજ પાથરે.
સંહરવા પાપનો ભાર, ધરી માનવ દેહને,
દેવકી અંકમાં જન્મે કૃષ્ણ ધન્ય ધરા બને!
પ્રભુની એય લીલા કે દેવકી-સોડને ત્યજી,
જશોદાને ગણી માતા, બાળ-રૂપ બની રહી.

[ગોકુળ ગામનાં ગોપ-ગોપીઓનું વૃંદ નૃત્ય કરતું પ્રવેશે છે.]

ઘૂઘરિયાં ઘમ્મકે, ઝાંઝરિયાં ઝમ્મકે,
આજ હૈયામાં હૈયું ન માય રે,
નંદ ઘેર ઓચ્છવ આનન્દનો.
વાગે મૃદંગ ચંગ, ઊડે અબીલ રંગ,
ગામ ગોકુળિયું હોંશે હરખાય રે,
નંદ ઘેર ઓચ્છવ આનંદનો.
વાયે મહુવરના સૂર,
બોલે કોયલ મધુર,
આજ આનન્દનો સાયર છલકાય રે,
નંદ ઘેર ઓચ્છવ આનંદનો.
માત મોતીએ વધાવે,
દેવ દુંદુભિ બજાવે
પોઢ્યા પારણિયે પરિબ્રહ્મ રાય રે,
નંદ ઘેર ઓચ્છવ આનંદનો.

વૃંદઃ

પ્રકૃતિ છાબમાં સર્વ સમૃદ્ધિ ઋતુઓ ધરે,
નંદપુત્ર મટી બાળ, યુવામાં પગલાં ભરે.

ગોપીચંદ બની ઘેલું, "કૃષ્ણ કૃષ્ણ" રટ્યા કરે
યમુના નદીને તીરે રંગે રાસ રમી રહે.

[શ્રીકૃષ્ણ સાથે ગોપીગોપીવૃંદ રાસ ખેલી રહ્યું છે.]

હાંહાં રે, રત્ય આવી રૂડી, ફૂલ્યો ફાગણ માસ;
રાતો ફૂલ્યો ફાગણ માસ;
જમના તીરે ગોપી સંગે, ખેલે કાનો રાસ,
હોંશે ખેલે કાનો રાસ;
....હાંહાં રે, રત્ય આવી રૂડી.

હરજી સાથે હેત થયું તે
મેલ્યાં ઘર ને બાર
મેં તો મેલ્યાં ઘરને બાર;
હૃદયાં શું ભીડોને વાલા,
મેલી સઘળી લાજ,
મેં તો મેલી સઘળી લાજ!
. ...હાંહા રે, રત્ય આવી રૂડી.

પ્રવક્તાઃ

યમુના તીરે અને વૃંદાવનમાં કૃષ્ણ ગોપગોપીઓ સાથે રાસ ખેલી રહ્યા છે. મથુરા નગરીમાં કંસનો જુલમ માઝા મૂકી રહ્યો છે. હસ્તિનાપુરમાં કૌરવોનાં દુષ્ટ કૃત્યોથી હાહાકાર પ્રવર્તી રહ્યો છે. પૃથ્વી પર અંધકારની છાયા ઘોર બની જાય છે.

વૃંદઃ

આભના ગાભ વીંધીને બારે મેહ ઝળુંબતા,
પૃથ્વી પે કૌરવો કેરા જુલ્મો ઘોર પ્રવર્તતા.

અટ્ટહાસ્યે મદોન્મત્ત દુર્યોધન ગજાવતો
સભાને એકદા બોલી,
"વસ્ત્રો દ્રૌપદીનાં હરો!"

મસ્તકો શરમે ઢાળી, પાંચે પાંડવ, ભીષ્મ ને
દ્રોણાચાર્ય બની સ્તબ્ધ, ન્યાળે કૌરવકૃત્યને.

અધર્મના વજ્રાઘાતે પૃથ્વી રાંક શી કાંપતી,
છકેલી પાશવી સત્તા બનીને મત્ત નાચતી.

કૌરવો પાંડવો વચ્ચે ત્યાર કેડે મચી રહ્યું,
સત્ર સંહારનું કેવું દિનો ઘોર અઢારનું!

અધર્મ, પાપ, જુલ્મોથી નિર્મુક્ત કરવા ધરા,
ચક્રાયુધ ધરી વેગે, સ્વયં શ્રીકૃષ્ણ સંચર્યા.

સ્વજનો પેખીને સામે, શસ્ત્ર હાથ ધરે નહીં,
અર્જુન "ગાત્ર ધ્રજે છે" કહી યુદ્ધ કરે નહિ!

શ્રીકૃષ્ણઃ

પૃથ્વીને પાપી પીડે તો, હણ એને તું સત્વર;
સ્વજનો પાપી છે માટે, એને કૌંતેય સંહર!
પૃથ્વી પે પાપનો ભાર, જ્યારે જ્યારે વધી જતો;
હણવા પાપીને, મારો મહાધર્મ બની જતો!

(જવનિકા)

દર્શન બીજું

વૃંદઃ

દિનાન્તે રાત્રીઓ આવે, ઋતુચક્ર ઘૂમ્યા કરે,
તિમિર તેજની પાંખો, કાળપંખી વીંઝ્યા કરે.

પ્રવક્તાઃ

શ્રીકૃષ્ણના દેહવિલય પછી પૃથ્વી ફરી પાછો ગાઢ અંધકાર ફરી વળ્યો. ક્રિયાકાંડ, યજ્ઞયાગ, મૂંગાં પશુઓનું બલિદાન, ઘોર હિંસા, ધર્માંધતા અને વર્ણભેદ માનવતાનો વિનાશ કરવા લાગ્યાં. ધરતીનું રુદન, મા ધરતીનું ક્રન્દન ઘેરા અંધકાર વચ્ચે ભયંકર બનવા લાગ્યું અને એ અંધકારને વિદારનારું તેજ કિરણ પ્રગટ્યું - ભગવાન બુદ્ધ.

વૃંદઃ

સિદ્ધાર્થ વૈભવો વચ્ચે સુણી સાદ સુદૂરનો;
શોકથી બનતો મૂઢ, ગ્રહી ભાર વ્યથા તણો.

સિદ્ધાર્થઃ

સુખની સૃષ્ટિ સાચી ના,
દુઃખ ક્યાંક રહ્યું હશે,
સારથિ રથને જોડો, સુણો સાદ મને પડે!

(સિદ્ધાર્થ અને સારથિ નગરપર્યટને જાય છે. એમની નજર એક વૃદ્ધ પુરુષ ઉપર પડે છે.)

સિદ્ધાર્થઃ

છન્ન! કોણ હતું બોલો?

સારથિઃ

એ તો વૃદ્ધ હતો પ્રભુ!

સિદ્ધાર્થઃ

વૃદ્ધ લોકો થતાં કેમ? થાતાં વૃદ્ધ કહે સહુ?
કાયાની કાંતિ તેજસ્વી, બલ, શ્રી મૃદુતા, રૂપ,
કાળના ઘાવ ઝીલીને છન્ન! લુપ્ત થતાં? વદ!

(એક રોગી પસાર થાય છે.)

સિદ્ધાર્થઃ કુરૂપ આવી કાયા કાં? દીસે ના જન વૃદ્ધ આ.

સારથિઃ પ્રભુ! એ તો હતો રોગી, ફસેલો મૃત્યુપાશમાં!

સિદ્ધાર્થઃ

મૃત્યુ? છન્ન, કહે એ શું?
મૃત્યુ શું સહુને મળે?

(એટલામાં શબવાહિની પર શબ લઈ જતાં માણસો સામે મળે છે. સારથિ એ તરફ હાથ લાંબા કરી કહે છે.)

સારથિઃ

વાયુની લ્હેરખી વાતાં, દીપ જેમ ઠરી જતો,
મૃત્યુની ફૂંકથી તેમ ક્ષય જીવનનો થતો.

સિદ્ધાર્થઃ

મૃત્યુ છે સર્વભક્ષી? બચતું કોઈ ના જન?

સારથિઃ

નામ તેનો થતો નાશ મોડો વહેલો સુનિશ્ચિત,
કર્મથી પૂર્વજન્મોનાં છૂટી કોઈ શકે નહિ.
વેદના વ્યાધિ મૃત્યુની સહવી સહુએ રહી.

વૃંદઃ

દેખી દૃશ્યો વ્યથાપૂર્ણ ડૂબે સિદ્ધાર્થ ચિંતને.
આકાશે ચંદ્રને ઘેર્યો જાણે શ્યામલ વાદળે.

તરંગો તટને માથે જે વિધે ધસતા વહે,
હૈયામાં જિંદગાનીના પ્રશ્નો ગૂઢ વહી રહે.

અમૃતે ઝેરની છાયા હશે કેમ ઝળુંભતી?
જિંદગીલક્ષને શાને મૃત્યુવેલી વળુંભતી?

(સ્થળઃ રાજમહેલ)

વૃંદઃ

હૈયામાં શોકનો ભાર અસહ્ય બનતો વધે,
સિદ્ધાર્થ વળતો પાછો રાજગૃહે પ્રિયા કને.
ચંદ્રને દેખીને જેવી ખીલી છે પદ્મપોયણી,
સિદ્ધાર્થે નીરખી રાજ્ઞી મંદ મંદ રહી હસી.

બની મૂઢ ઊભો એ તો, શબ્દ એકે વદે નહીં,
દૂર દૂર બની સ્તબ્ધ, દૃષ્ટિ એની ઠરી રહી.
યશોધરા રહે શોચી, સંજ્ઞાથી સખીને કહે,
આરંભી ગીત ને નૃત્ય રીઝવો પ્રિયને હવે !

(યશોધરા અને સખીવૃંદ નૃત્ય આરંભે છે.)

ખેલો હો રસિયા ફાગ,
રસરંગની છલકે છાબ!
કલિ કલિ પર મધુકર ગુંજે,

કોકિલ બંસી બજાવે,
મલયાનિલની પાંખ પલાણી,
પરાગ વસંત વધાવે.
....ખેલો હો રસિયા.

ફૂલ્યો ફાગણ ને ધરતીએ
રંગ કેસરી ચોળ્યો;
હૈયાવાટકડે મેં યે તે
પ્રીતરંગને ઘોળ્યો.
.....ખેલો હો રસિયા.

(સિદ્ધાર્થ પોતાના કર્ણપટ પર નિગૂઢ સાદ સાંભળે છે.)

"સિદ્ધાર્થ! માયાદેવીના પુત્ર! વાયુ વાય ને દીપક બુઝાય, સાંજ પડે ને ખીલેલું ફૂલ ખરી પડે, એમ મૃત્યુના એક આઘાતે જીવન લુપ્ત થઈ જશે."

"જિંદગી, યૌવન, સુખવૈભવ કશું શાશ્વત નથી. સિદ્ધાર્થ! તું આવ, કાજળઘેરી રાત્રિમાં સમગ્રસંસાર કાજે તું પ્રકાશનું કિરણ બનીને આવ, ચાલ્યો આવ, સિદ્ધાર્થ! આવ! આવ! આવ!....

યશોધરા અને સખીવૃંદઃ

પ્રણયસિતારી બજી મધુરું,
સચરાચર પુલકાવે;
અણદીઠી, અણતોષી ઝંખા,
અંતરને છલકાવે;
....ખેલો હો રસિયા.

હૈયાનું આસન છે સૂનું,
પિયુ ચરણરજ પાડો;
ભવ ભવની હું ઘેલી ઝંખું,
મીટ નેહની માંડો;
....ખેલો હો રસિયા.

(નૃત્યગાનથી સિદ્ધાર્થને પુલકિત થયેલો દેખી યશોધરા અને સખીવૃંદ વીણા, મૃદંગ, ઢોલક વગેરે વાદ્યોને અઢેલી નિદ્રાધીન બને છે. વળી પાછો પૃથ્વીના ધીમા નિઃશ્વાસ જેવો કરુણ સાદ સિદ્ધાર્થને સંભળાય છે.) "સિદ્ધાર્થ! ચાલ્યો આવ. ત્યાગની વેળા આવી પહોંચી છે. માયા-મમતાનાં બંધન તોડી નાખ. અમે-સાગર, તારાઓ, વાયુ અને ધારિત્રી તને નિમંત્રણ આપીએ છીએ. ચાલ્યો આવ, સિદ્ધાર્થ, મારું ધરિત્રીનું રુદન, દીનહીન માનવજાતનું ક્રંદન તને સંભળાય છે ને? તું આવ, દુઃખી, પદદલિત, પતિત, લાંછિત માનવજાતિના હૈયા-સિંહાસને તું તારી ચરણધૂલિ પાડ. આવ, ચાલ્યો આવ, સિદ્ધાર્થ! ચાલ્યો આવ!...

વૃંદઃ

શય્યાખંડ રહે ન્યાળી ન્યાળતો સખીવૃંદને
ભાવથી નીરખી રહેતો, ઉજ્જવલી દીપજ્યોતને.

વેગથી ધડકે હૈયું, રાજ્ઞીને નીરખી રહે,
તલસે ભેટવા બાહુ, નેત્રથી કરુણા વહે.

વિદાય લઈને મૂક ધીમેથી ડગલાં દશ
ભરે, પાછો ફરે, અંતે બનીને કૃતનિશ્ચય.

ભાવથી પ્રણમી ચાલ્યો, ઘોર રાત્રિ તણા પથે,
"ના જશો, ન જશો" શબ્દો રાજ્ઞ સ્વપ્ન મહીં વદે.

શાંતિની સ્હોડમાં સૂતી
ચેતના સૃષ્ટિની બધી,
અંધારી રાત્રિને હૈયે, તારો દૂર રહ્યો ઝગી.

સિદ્ધાર્થે ભમવા માંડ્યું કાયાનેય દમી ઘણી,
મોહપ્રીતિ તણો તંતુ કાપ્યો હૈયે વ્યથાભરી.

નેરંજરા નદી તીરે અશ્વત્થ તરુની તળે,
વૈશાખી પૂર્ણિમાદિને દિવ્ય જ્યોતિ ઉરે ઝગે.

સિદ્ધાર્થ મટી બુદ્ધ થયા તે પળથી પ્રભુ,
ધરિત્રી આ બની ધન્ય માંગલ્યે મ્હેંકતું સહુ.

ભગવાન બુદ્ધઃ

દયા, ધર્મ, અહિંસા ને સત્ય, પ્રેમ ઉરે ધરો,
હણજો પાપ, ના પાપી;
પૃથ્વીને પુણ્યથી ભરો.

દીનહીન તણી સેવા પતિતોદ્ધાર ગણો વ્રતો,
જનકલ્યાણને યજ્ઞ ગણી ધર્મપથ ગ્રહો.

મોહ માયા ત્યજો, છોડો વાસના રાગદ્વેષની.
નિર્વાણ શાંતિને પામો,
સાચી વાટ જ મોક્ષની.

કાળની ઘોર આંધીમાં,
નક્ષત્રો, પ્હાડ અર્ણવો,
બનીને પર્ણ ધ્રૂજ્યાં ત્યાં
ગર્વ કાયા તણો કશો ?

માટીના કુંભના જેવી કાયા નશ્વર આપણી,
નિહાળો શાશ્વતી જ્યોત ધર્મની ઝગતી રહી.

(દર્શનાર્થી સ્ત્રીપુરુષોનું વૃંદ દીપજ્યોત ધરીને પગે લાગતું હોય છે.)

વૃંદઃ

બુદ્ધં શરણં ગચ્છામિ, સંઘં શરણં ગચ્છામિ,
ધમ્મં શરણં ગચ્છામિ.............

(ધીમે ધીમે સ્વરો લુપ્ત થાય) (જવનિકા)

દર્શન ત્રીજું

વૃંદઃ

અદીઠું કાળનું ચક્ર પૃથ્વી માથે ઘૂમ્યાં કરે,
તેજવર્ષા થયા કેડે અંધકાર ફરી વળે.

પ્રવક્તાઃ

ભગવાન બુદ્ધનો ધર્મદીપક ઓલવાયા પછી ભારત પર અંધકાર પ્રસરી ગયો. એ અંધકારનો લાભ લઈ યવાનોએ ભારતપ્રવેશ કર્યો ('અલ્લાહો અકબર' એવી બૂમ સંભળાય છે.)

આપણાં મંદિરો તૂટ્યાં. આપણો ધર્મ હણાયો. એ યવનની સામે ઝઝૂમ્યા રાણા પ્રતાપ અને વીર શિવાજી પણ અંધકાર ફીટ્યો નહિ, અને ત્યાં તો આવ્યા ફિરંગીઓ. (ગોરાઓનો પ્રવેશ) એમણે ભારતની શ્રી, સરસ્વતી અને સ્વતંત્રતાને બંધનમાં નાખી. પ્રજા પાયમાલ થઈ. મૂંગાં દુઃખ સહન કરી માનવજાત રુદન કરવા લાગી. (ધીમે ધીમે ક્રંદનના સૂરો ઊઠે) આ અંધકારને ભેદવાનો પહેલો પ્રયત્ન ઈ.સ. 1857માં નાનાસાહેબ પેશ્વાએ કર્યો. તેણે સ્વતંત્રતાનો ધ્વજ ઉપાડ્યો. ઝાંસીની રાણીએ હિંદના શૌર્યનું પ્રતિક બની ખડ્ગ ખેંચ્યું. પણ એ અંધકાર ફીટ્યો નહિ. અંધકાર ગાઢ થતો ચાલ્યો. ગરીબી, વહેમ, બાળલગ્ન, અસ્પૃશ્યતા, અજ્ઞાન વધવા લાગ્યાં, વેરઝેરથી રુધિરનીતરતી માની - ભારતમાતાની મૂર્તિ બંધનમાં બંધાયેલી મૂર્તિ. દેવી કરુણ દીસતી હતી! અને એક તેજકિરણ ફૂટ્યું.

દી.4

વૃંદઃ

ધીરે ધીરે ગુંજે કેવો,
જગની સંપત્તિ જેવો,

...ગાંધી તારો રેંટિયો હોજી.

ધોળા સૂતરને તારે, જગનું તું દુઃખ વિદારે,
પ્રેમ, અહિંસા, દયા બાંધીને માનવજાતને તું તારે.
....ગાંધી તારો રેંટિયો હોજી.

એહ ચક્રપ્રતાપે બંધન નષ્ટ થયાં ભારતનાં,
'દૂર હટો!' બોલ્યો તું, ધાડાં હટી ગયાં શાસકનાંઃ
....ગાંધી તારો રેંટિયો હોજી

(દાંડીકૂચનું દશ્ય)

દાંડી કાઠે સમદર કેરી ઘોર શોર ઝાલર રણકે,
વિરાટ ગોરી સેના કેરા ટોપ, કવચ ભાલાં ઝળકે,

'રઘુપતિ! રઘુપતિ!' નાદ દૂર દૂરથી, પલાણી પવન પાંખ
ભરે બધું ખાલી આભ, ચરણરેણુનો રૂડો ચંદરવો છાય!

ધરા ધન્ય બને ત્યહીં, પગલાં પુનિત પડે,
ગાંધી મીઠું પકાવવા દાંડી ભણી ધાય,
પાપ અને પુણ્ય વચ્ચે, આજ ઘોર જુદ્ધ મચે,
'કુરબાન કરી દેજો સહુની જ કાય!
ફૂલ ગણી ગોળી ઝીલો,

મરવાની મોજ આજ ઉમંગથી માણી
લો!'
બોલી ગાંધી કેરું રૂડું મુખ મલકાય!

પ્રવક્તા:

પણ જગત આ તેજને ઝીલી શક્યું નહિ. કોઈ માર્ગ ભૂલ્યા ધર્માંધ ખૂનીએ આ તેજને હણી લીધું. (પિસ્તોલનો અવાજ)

દીવડો ઓલાણો નવે ખંડનો,
અડાબીડ જામ્યો અંધાર,
દીવડો ઓલાણો નવે ખંડનો!
દિશાયું ઓઢીને કાજળ ઓઢણાં,
ચૂવે લખનેણે આંસુધાર;
વનરામાં વડ થડ ડોલતાં,
ગાજે માથે વીજના ગગડાટ;
દીવડો ઓલાણો નવે ખંડનો!

વરુણ વગાડે ઝંઝા-ડાકલાં,
સમદર ભૂવો ધૂણ્યે જાય,
ડુંગર બનીને મોજાં દોડતાં,

ધરા એની બાથમાં ભીંસાય;
દીવડો ઓલાણો નવે ખંડનો!

નવખંડ માથે પોરો પાપનો,
ડણકું દેતો ઘૂમ્યે જાય;
ગાંધીને પોઢાડી ધખતી ચેહમાં,
હીબકાં મૂંગાં ધરતી ખાય.
દીવડો ઓલાણો નવે ખંડનો!

(ક્રંદનના સ્વરો વધારે ઘેરા થતા જાય છે.)

દર્શન ચોથું

પ્રવક્તાઃ

આજે દેશ ઉપર ફરીથી ગરીબી, ભૂખમરો ને બેકારીનો અંધકાર ગાઢ બનતો જાય છે. ભૂકંપ, દુઃખ અને વેરઝેરની ઝડીઓ દેશ પર વરસી રહી છે. આપણને ફરીથી પ્રકાશ મળશે? ક્યારે? ક્યારે?

વૃંદઃ

ધરતી પાડે છે પોકાર,
પ્રભુ ફરી આપ
ધરો અવતાર;
-ધરતી પાડે છે પોકાર!

ભભડે હોળી પૃથ્વી ખોળે,
વેર ઝેર હિંસાની;
પ્રેમશાંતિની વ્હાવો એમાં,
અમરત શી સરવાણી;
-ધરતી પાડે છે પોકાર!

ચક્ર સુદર્શન ધરી વિદાર્યા,
કંસ કૌરવો પાપી;
બુદ્ધ બની, ધરી ધર્મચક્રને,

પ્રેમગંગા પસરાવી;
-ધરતી પાડે છે પોકાર!

કળિયુગે બની ગાંધી આપે,
ચક્ર ધર્યું ફરી હાથે;
સહુ જનનું મંગળ સાધેલું,
એહ ચક્ર પ્રતાપે;
-ધરતી પાડે છે પોકાર!

અંધકાર ફરી વ્યાપે ગાઢો,
તેજ કિરણ બની આવો;
માનવજાતિ મારગ ભૂલી
પંથ ખરો દરસાવે;
-ધરતી પાડે છે પોકાર!

પ્રવક્તા:

ધરતીનો પોકાર, પૃથ્વીનું ગૂઢ, કરુણ અને ઘેરું ક્રંદન હૃદય-વિદારક બને છે. પૃથ્વી પર હિંસાનાં તાંડવનૃત્ય ખેલવાની તૈયારી ચાલતી હોય તેમ, દરેકેદરેક દેશ અણુશસ્ત્રનો ભંડાર ભરે છે, અ સર્વનાશની શરતમાં ઊતર્યા હોય તેમ દરેકેદરેક દેશ મનુષ્યજાતિને આશીર્વાદરૂપ થવા નિર્માયેલા વિજ્ઞાનને સંહારકાર્યમાં જોતરે છે. પરંતુ સંસારને પ્રકાશને પંથે દોરતો એક દુર્બળ તપસ્વી પૃથ્વી પર પોતાનાં પનોતાં પગલાં પાડી રહ્યો છે. આછેરું તેજ-કિરણ પ્રગટી રહ્યું છે. (ગીત ગવાય તે દરમ્યાન પાછળ શ્વેત પડદા પર શ્રી વિનોબા ભાવેનું છાયાચિત્ર; ગીત પૂરું થાય તેમ છાયાચિત્ર ધીમે ધીમે લુપ્ત થતું જાય.)

એક તપસી ઘર ઘર ફરતો
અહાલકે અનોખો જપતો!
... એક તપસી.

રતનકટોરો લઈ હાથમાં,
કણ માટીનો માગે;
કસ્તુરી લૂંટો કોડી આપી,

કેસર મણના માપે!

... એક તપસી.

એ તપસીના ડગલે ફૂટે,
રણ બીચ કેસરવાણી;
વખ સંઘરતા
જીવન પિયાલા,
માણે અમરતની ઉજાણી!

... એક તપસી.

આભરાવટી હીરા ભરેલી,
ધરતી છે હરિયાળી,
ખેરાત ખજાનો
કુદરત કરતી;
વહેંચો મિલકત મજિયારી.

... એક તપસી.

(ગીત પૂરું થાય, છાયાચિત્ર લુપ્ત થાય અને જવનિકા)

*

સદ્. પિતાજીને અંજલિ

[1]

બસ, હવે બની રહ્યું છે
ફક્ત એ શમણું!
સ્મૃતિની રાખ ઉડાડી;
દિલને દઝાડવું રહ્યું છે!
વિજન વિકટ પથ પે રાહગીરે
મૃગજળ ભણી દોડવું રહ્યું છે!
ભગ્ન ખંડેરોમાં હવે કૈં,
અરમાને ઘૂમવું રહ્યું છે!
યાદોના સહારે-સહારે
તમારી સમીપ આવવું રહ્યું છે!

9-11-76

[2]

ન્હોતી ખબર અમને,
આ વિદાય છે અંતિમ.
જિંદગીની તમારી ઉષ્મા તણી,
આ હૂંફ છે અંતિમ.
તમારાં વાત્સલ્યઝરણાં તણો,
આ અમીરસ છે અંતિમ.
બસ! મારે હવે રહ્યા જોવા તમને,
શ્વેત ચાદર મહીં અંતિમ-
'બસ જો ખબર હોત તો!'

રહ્યો જિંદગીનો અફસોસ એટલો-

21-11-76

[3]

હૃદયની ઊર્મિની વાત કહું
તો આંખમાંથી આંસુ સરી પડશે!
ને જો જુદાઈનું ગીત ગાઈશ
તો હૃદયનું બીન તૂટી જશે!
મારી સ્નેહની કબર પરનાં ફૂલો સૂંઘાડીશ
તો કદી સ્નેહની વાત ન છેડશો.
અને ભગવાનની ભલાઈ!!
અને ભગવાનની ભલાઈ............ની
વાત કહું
તો તમે 'પથ્થર' ને પથ્થર જ માનશો.

20-11-76
પ્રેમલ

•••

દીપ બુઝાયો

[‘ધરિત્રી’, ‘તીર્થોદક’, ‘મહારથી કર્ણ’ અને
‘અગ્નિજ્યોત’નો અનુગામી અસંગ્રહ]

પ્રેમશંકર હ. ભટ્ટ

Deep Bujhayo
(Poems in Gujarati)
by The Late Premshanskar H. Bhatt (1977)
Published by : **Zen Opus** Ahmedabad.

શ્રી સવિતાબેન પ્રેમશંકર ભટ્ટ
17, જયભારત સોસાયટી,
સરખેજ રોડ, અમદાવાદ-380007

પ્રથમ આવૃત્તિ, ~~જુલાઈ 2019~~

કિંમત : Rs= 00.00

મુદ્રક અને પ્રકાશક

Zen Opus
હિંગળાજ માતાનું કંપાઉન્ડ, મનમોહન કૉમ્પ્લેક્સની પાછળ,
નવરંગપુરા પોલીસ સ્ટેશનની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ–380009
ફોન : (079) 2656 1112, 4008 1112 email : zenopusmail@gmail.com
www.zenopus.in

“વાયુનો એક ઝપાટો વાયો,
સહસા, ઝગતો દીપ બુઝાયો!

સવિતા
અસિત - મનીષા - ગૌરાંગ
જિગીષા - પ્રેમલ

પ્રેમશંકર ભટ્ટ

જન્મ તા. 30-8-1914] [અવસાન તા. 30-7-1976

નિવેદન

સદ્ગત કવિશ્રી પ્રેમાશંકર હ. ભટ્ટનાં કાવ્યોનો આ સંચય પ્રગટ થતાં આનંદ અને વેદનાની મિશ્ર લાગણીઓનો અનુભવ થાય છે.

ગયે વર્ષે દહેગામ કૉલેજના આચાર્યપદેથી નિવૃત્ત થયા પછી તેઓ વિવિધ સામયિકોમાં પ્રગટ થયેલાં પોતાનાં કાવ્યો અને લેખોના સંગ્રહો પ્રકાશિત કરવા માટે હસ્તપ્રત તૈયાર કરતા હતા. પરંતુ અચાનક જ હૃદયરોગના હુમલાથી એમનું અકાળ અવસાન થતાં એ સંગ્રહો પ્રકાશિત થઈ શક્યા નહિ. એમનાં કાવ્યોની હસ્તપ્રતને વ્યવસ્થિત રીતે ગોઠવી એ સત્વરે પ્રગટ કરવાની એમનાં પત્ની સવિતાબહેન અને સંતાનોની ઉત્કટ ઇચ્છા આજે પૂર્ણ થાય છે. એમના લેખોનો સંગ્રહ પણ આ જ રીતે પ્રકાશિત થાય એવી એમનાં કુટુંબીજનોની લાગણી વહેલાસર સંતાયો એમ આપણે ઇચ્છીએ.

આ સંગ્રહમાં સ્વ. પ્રેમશંકરભાઈનાં સામયિકોમાં પ્રગટ થયેલાં પણ ગ્રંથસ્થ નહિ થયેલાં મૌલિક–અનુદિત ઊર્મિકાવ્યો અને નૃત્યરૂપકનો સમાવેશ કર્યો છે. ગાંધીયુગના આ કવિના આ સંગ્રહમાંની કૃતિઓ સારો લોકાદર પામી છે અને એનું આ પ્રકાશન એમનાં પ્રશંસકો અને સાહિત્યરસિકોનો સત્કાર પામશે એવી આશા છે.

સંગ્રહનું શીર્ષક ‘દીપ બુઝાયો’ આ સંગ્રહમાંના જ એમના એક કાવ્ય પરથી કર્યું છે. પુત્ર પ્રેમલે સદ્ગત પિતાજીને આપેલી કાવ્યાંજલિ પણ આ સંગ્રહ સાથે જ પ્રગટ થાય તો એમાં ઔચિત્ય છે. એમ ધારી સંગ્રહને અંતે એ ત્રણ કૃતિઓ મૂકી છે.

આ સંગ્રહના પ્રકાશનમાં સહાયભૂત થવા માટે સ્વ. કવિનાં કુટુંબીજનો તરફથી ‘ગૂર્જર’નો આભાર માનું છું.

આશા છે કે ગુજરાતની પ્રજાને સદ્ગત કવિની આ છેલ્લી પ્રસાદી એમના અગાઉના સંગ્રહોની જેમ સંતોષ આપશે.

21-9-77 **ચિમનલાલ ત્રિવેદી**

અનુક્રમણિકા